# અન્નાના આંદોલનથી વિદ્યાર્થીને શું શીખવશું ?

અન્નાનું આંદોલન ચાલી રહ્યું છે. કહેવામાં તો અન્નાનું આંદોલન કહેવાય છે, હકીકતમાં શરૂ તેમણે કરેલું અને ધીમે ધીમે હવે આ આંદોલન પ્રજાનું આંદોલન બનતું જાય છે. ભવિષ્યમાં આ લોકપાલ વિષયક આંદોલન ઇતિહાસ પણ બની જશે. ત્યારે આજે આ આંદોલનને આધાર બનાવીને વર્ગખંડમાં શીખવાડી શકાય કે આંદોલનો સફળ કે નિષ્ફળ રહેવાના કારણો કયા હોઇ શકે, પ્રજા આંદોલન કરવા ક્યારે પ્રેરાય છે ? આંદોલનોમાં આમઆદમીની ભાગીદારી ક્યારે શક્ય બને છે ? વગેરે પ્રશ્નોના જવાબની સાથે કેટલાક નૈતિક મૂલ્યો પણ વિકસાવી શકાય. જેથી આજનો વિદ્યાર્થી પણ આવતી કાલનો પુખ્ત નાગરિક દેશના વિકાસમાં પોતાનો ફાળો આપી શકે અને પોતાના અન્યાય સામે હકારાત્મક રીતે સમાધાન શોધી શકે.

દુનિયામાં દરેક દેશમાં નાનામોટા આંદોલનો થયા જ છે, પણ ભારતે અહિંસક અને સત્યાગ્રહને હથિયાર બનાવીને આંદોલન કરવાનો રસ્તો દુનિયાને બતાવ્યો છે. આજથી પચાસ-સો વર્ષ પહેલાંની પરિસ્થિતિમાં અહિંસક આંદોલનો કરવા સરળ હતા, કારણકે તે સમયે માનવીમાં આધ્યાત્મિકતા અને માનવતાના ગુણોનું પ્રમાણ વિશેષ હતું, આતંકવાદે પગ પેસારો પણ નહતો કર્યો. ત્યારે આજના સમયે આતંકવાદ વકર્યો છે, સાથે કોઈપણ વ્યક્તિ ઇચ્છે તો હિંસા કરવા આધુનિક હથિયારો કે બૉમ્બ જેવા સાધનો સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. આજના મોબાઇલ અને ઇન્ટરનેટના યુગમાં ખૂબ જ સરળતાથી અને ઝડપથી ખાનગી વાતચીત થઇ શકે છે. છતાં પણ ભારતમાં અત્યારે ચાલતું અન્ના હજારેજી પ્રેરિત આંદોલને દુનિયાનું ધ્યાન ફરી એકવાર દોર્યું છે. ભારત દેશ સત્ય, અહિંસા અને શાંતિપ્રિય દેશ હતો અને છે તે દુનિયા માનવા લાગી છે. ત્યારે આજના આ અન્નાના ભ્રષ્ટાચાર વિરોધી જનલોકપાલ બીલને કાયદો બનાવવાના આંદોલનમાંથી કેટલીક સારી બાબતો વિદ્યાર્થી સમક્ષ મૂકીને વિદ્યાર્થીઓને સાચી-સારી બાબતોથી વાકેફ કરી તેમનામાં નાનપણથી જ દેશપ્રેમ, નૈતિકતા, સત્ય, અહિંસાના પાઠ શીખવવા જોઇએ.

પ્રથમ બાબત તો અન્નાની સાથે લોકો આપમેળે કેમ જોડાયા ? કારણ કે તેમના આંદોલનની માંગણી આમજનતાને સ્પર્શતી હતી, તેમાં તેમનો વ્યક્તિગત કોઇ સ્વાર્થ નહતો. તો વિદ્યાર્થીઓને જણાવી શકાય કે, જે આંદોલન વ્યક્તિગત સ્વાર્થ માટે થતાં હોય છે તે ક્યારેય સફળ થાય નહીં અને તેને આમજનતાનો સહકાર પણ ન મળે. તો ક્યારેય વ્યક્તિગત ખોટા સ્વાર્થ માટે આંદોલન કરવું નહીં અને તેવા આંદોલનને સાથ આપવો નહીં. બીજી બાબત અત્યારે ભારતમાં ચાલી રહેલ આંદોલન સંપૂર્ણ રીતે અહિંસક છે. આવા આંદોલનની નોંધ કદાચ થોડી મોડી લેવાય, પણ સામેના પક્ષે આવા અહિંસક આંદોલન સામે ઝુકવું જ પડે છે. અત્યારે દુનિયામાં મિસ્ત્ર, ટ્યુનિશીયા, લિબિયા વગેરે દેશમાં હિંસક આંદોલનો ચાલી રહયાં છે, જેમાં અંતે તો જે તે દેશની પ્રજાને જ સહન કરવાનું આવે છે. દેશની જ સંપત્તિને નુકશાન થાય છે. ઉપરાંત જે તે દેશની સરકાર બળપ્રયોગ કરીને પણ તેવા આંદોલનો દબાવી દે છે. ત્યારે વિદ્યાર્થીઓમાં સંસ્કાર રેડી શકાય કે ક્યારેય હિંસક આંદોલનને ટેકો આપવો નહીં, તેમાં ભાગ લેવો નહીં. અહીં ભારતના ઇતિહાસના પાના ફેરવીને કહી શકાય કે કેટલાક હિંસક આંદોલનો નિષ્ફળ રહ્યાં હતા.

પ્રશ્ન કે સમસ્યા સાચી હોય, નિ:સ્વાર્થ નેતાગીરી હોય તો સામાન્ય ગરીબ માણસ કે વૃદ્ધ વ્યક્તિ નેતૃત્ત્વ કરતો હોય તો પણ તેને તેના દેશની જનતા સહકાર આપે છે. માત્ર તેના જ દેશની જનતા નહીં બહારના દેશ પણ તેની નોંધ લઇને જે તે દેશની નીતિઓની ટીકા કરે છે, આ જ્ઞાન આજના વિદ્યાર્થીઓને આપવું જરૂરી લાગે છે.

આંદોલન એક વ્યક્તિથી ન થાય. તે માટે અનેક લોકોનો સહકાર –ટેકો જોઇએ. આ ઉપરાંત આંદોલન કરનાર વ્યક્તિ કે સંસ્થાને અવારનવાર સલાહસૂચન મેળવવાની જરૂર પડે જ. તો તેવા તેમની સાથે ખભો મિલાવીને કામ કરનાર સલાહકારો કે અન્ય વ્યક્તિઓ નિષ્કલંકિત, બિનવિવાદાસ્પદ હોવા જોઇએ. તો જ લોકોને આંદોલનકારી પર વિશ્વાસ બેસશે, તો જ લોકો સહકાર આપશે અને તો જ આંદોલન સફળ થશે. આંદોલનનું સમાધાન હંમેશને માટે વાટાઘાટોથી જ થાય. તો જે આંદોલનકારીઓ સમાધાન કે વાટાઘાટો કરવામાં માનતા ન હોય તેમને કેટલો સાથ આપવો કે તેમનાથી કેટલું દૂર રહેવું તે વિચારવું જોઇએ.

ગાંધીજીએ આઝાદીની લડત લડી, અનેક આંદોલનો કર્યા હતાં, અંતે સફળ પણ રહયા. તો તેની પાછળના મુખ્ય કારણો સત્યાગ્રહ અને અહિંસા હતાં. ગાંધીજીના સમયમાં ટેલિફોન, મોબાઇલ, ટી.વી. વગેરે સાધનો ન હતા . તો પણ ગાંધીજીએ ભારત દેશને એક કર્યો હતો. તે સમયે બનતી નાની મોટી ઘટનાઓથી તેઓ પરિચિત રહેતા એટલું જ નહીં પોતાના વિચારો, આયોજનો ખૂબ જ ટૂંકાગાળામાં દેશભરમાં પ્રસરાવી શકતા. તો તેમનું નેટવર્ક, કામ કરવાની પદ્ધતિ, તેમના પર લોકોનો વિશ્વાસ વગેરે કેવા હતા ? શા માટે ? તેમના એક જ હોંકારે આખો દેશ તેમના પડખે ઊભો થઇ જતો. તો આમ કેમ અને કેવી રીતે બન્યું હશે. તે પણ વિદ્યાર્થીઓને વિચારવા દો ? ગાંધીજીના વિચારો પ્રમાણેના આંદોલનો આજના વિચર્થીઓ કે યુવાનોએ જોયા નથી, પણ તેનો નાનો નમૂનો અન્ના હજારેજીએ અત્યારે આપ્યો છે તેનો શૈક્ષણિક લાભ લઇને યુવાનો અને વિદ્યાર્થીઓમાં સાચા સંસ્કાર રેડવાની તક ઝડપી લેવી જોઇએ. આમ કરતાં ક્યાંય વધારે ભાવુક બનીને તમારા પોતાના વિચારો કે માન્યતાઓને વિદ્યાર્થી સામે મૂકવાના નથી, પણ ઇતિહાસ અને વર્તમાનમાંથી સારી બાબતો શીખવવાની છે. આ માટે શિક્ષકે વર્ગખંડમાં રાજકારણને પ્રવેશવા દેવાનું નથી, તટસ્થ રીતે ઘટનાઓ કે બનાવોનું મૂલ્યાંકન કરવાનું છે.

અહીં ઉપરોક્ત જેવી ચર્ચા કરીને વિદ્યાર્થીઓમાં આંદોલન કે અન્યાય સામે કેવી રીતે લડવું તે શીખવવાનું છે, એટલું જ નહીં પણ કેવા આંદોલનને ભવિષ્યમાં ટેકો આપવો કે ભાગ લેવો તે પણ શીખવવાનું છે. અહીં વિદ્યાર્થીઓને ઘડવાની વાત છે. જેથી ભવિષ્યમાં તેઓ ખોટા માર્ગે વળે નહીં કે તેમને થયેલા અન્યાયનો સામનો કરવા સાચા માર્ગની પસંદગી કરે.

**dr.ashokpatel@in.com**